

Title-Code:-GUJGUJ18109

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)



www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર



YEAR-04, ISSUE- 05,(SURAT), DATE-22/07/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૦૫, (સુરત), તા.૨૨/૦૭/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 માંડવીનો ગરેડીયા પુલનો ડાયવર્ઝન માર્ગ ધોવાયો, મરામત કરવા લોકમાગ

3 વડોદરાઃ સ્માર્ટ સિટીના પ્રોડક્ટિવિટી રોડ પર ગટરના તૂટેલા ઢાંકણા

4 સુરત જિલ્લાના ઓલપાડ પંથકમાં ગાંધીનગર સ્ટેટ વિજિલન્સની ટીમનો સપાટો; ૧૭.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત


## NEET પેપર લીક પર PM મોદીનું નિવેદનઃ ભવિષ્ય માટે ફૂલ-પ્રૂફ સિસ્ટમ બનાવીશું, દોષિતોને સજા અપાશે

સંસદના ચોમાસુ સત્રમાં NEET પરીક્ષા કૌભાંડનો મુદ્દો ગરમાયો છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ જણાવ્યું કે, કૌભાંડની માહિતી મળતાં જ સરકારે ઝડપી કાર્યવાહી કરી ૧૩ લોકોની ધરપકડ કરી જેલમાં મોકલ્યા. વડાપ્રધાને ભવિષ્યમાં પેપર લીક રોકવા કડક પગલાંની ખાતરી આપી છે. સરકારે દોષિતોને સજા અને ફૂલપ્રૂફ સિસ્ટમ બનાવવાનો સંકલ્પ કર્યો છે. તેમણે વિપક્ષને પણ સહયોગ કરવા અપીલ કરી.

સંસદના મોનસૂન સત્રની શરૂઆત સાથે જ NEET પરીક્ષામાં કથિત ગોટાળાનો મુદ્દો ગરમાયો છે. આ દરમિયાન કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ NEET મુદ્દે સરકારનો પક્ષ રાખતાં જણાવ્યું છે કે, ગોટાળાની માહિતી મળતાં જ સરકારે ત્વરિત અને કડક કાર્યવાહી કરી હતી. વડાપ્રધાને સ્પષ્ટ કર્યું છે કે આ મામલે ૧૩ લોકોની ધરપકડ કરીને તેમને જેલમાં મોકલાયા છે અને વિદ્યાર્થીઓના



ભવિષ્યને ધ્યાનમાં રાખીને વિલંબ વગર ફરીથી પરીક્ષા યોજી પરિણામ પણ જાહેર કરી દેવાયું હતું.

કિરેન રિજિજૂએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાને ભવિષ્યમાં આવા પેપર લીક અટકાવવા માટે લેવાઈ રહેલા સખત પગલાંની રૂપરેખા આપી છે. સરકારે દોષિતોને સખતમાં

**વડાપ્રધાને ભવિષ્યમાં પેપર લીક રોકવા કડક પગલાંની ખાતરી આપી છે. સરકારે દોષિતોને સજા અને ફૂલપ્રૂફ સિસ્ટમ બનાવવાનો સંકલ્પ કર્યો છે. તેમણે વિપક્ષને પણ સહયોગ કરવા અપીલ કરી.**

સખત સજા આપવા અને ભવિષ્ય માટે સંપૂર્ણપણે ૧ફૂલપ્રૂફ સિસ્ટમ તૈયાર કરવા પર ભાર મૂક્યો છે જેથી નિર્દોષ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે કોઈ રમત ન રમાય.

સંસદના મોનસૂન સત્ર અંગે વાત કરતાં મંત્રીએ ઉમેર્યું હતું કે, NDA સત્ર દરમિયાન સકારાત્મક ભૂમિકા ભજવશે. દેશના હિત માટે લાવવામાં આવેલા બિલો અને કાયદાકીય કામકાજને પસાર કરવા માટે અમે એકજૂથ છીએ. તેમણે વિપક્ષને પણ અપીલ કરી હતી કે અલગ-અલગ વિચારધારા હોવા છતાં દેશ, તેના ભવિષ્ય અને યુવાનોના હિત માટે તમામ પક્ષોએ મળીને કામ કરવું જોઈએ.

## જ્યાં તર્ક અને તથ્ય હોય ત્યાં ઘોઘાટની કોઈ જરૂર નથી.., ચોમાસું સત્રની શરૂઆતમાં વડાપ્રધાન મોદીનું સંબોધન




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના મોનસૂન સત્રના પ્રથમ દિવસે મીડિયાને સંબોધિત કરતા તેને ઐતિહાસિક ગણાવ્યું. તેમણે વિપક્ષને સકારાત્મક વલણ અપનાવી ગૃહની કાર્યવાહી સુચારુ રીતે ચલાવવા અપીલ કરી. દેશની તાજેતરની સ્પેસ, સેમિકન્ડક્ટર અને હાઈડ્રોજન ટ્રેનની સિદ્ધિઓ પર ભાર મૂક્યો. આ સત્ર ૨૦ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી ચાલશે.

સંસદના મોનસૂન સત્રના પ્રથમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મિડિયાને સંબોધિત કરતાં સત્રને અત્યંત પ્રોડક્ટિવ અને ઐતિહાસિક ગણાવ્યું છે. વડાપ્રધાને વિપક્ષી દળોને વિરોધ કરવાના બદલે સકારાત્મક વલણ અપનાવીને ગૃહની કાર્યવાહીને સુચારૂ રૂપે ચલાવવામાં મદદ કરવાની અપીલ કરી છે. તેમણે કહ્યુ કે છેલ્લા એક મહિનામાં ભારતે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને સ્પેસ ક્ષેત્રે અસંખ્ય એવી સિદ્ધિઓ મેળવી છે જે દરેક દેશવાસીને ગર્વથી ભરી દે છે.

વડાપ્રધાન મોદીએ સંસદની કાર્યવાહીમાં ગંભીરતા જાળવી રાખવા અંગે ભાર મૂકતા જણાવ્યું હતું કે, જ્યાં તર્ક અને તથ્યો મજબૂત હોય ત્યાં અવાજ ઊંચો કરવાની કે શોરબકોર કરવાની કોઈ જરૂર હોતી નથી. મને આશા છે કે સંસદમાં ચર્ચાઓ તર્ક અને તથ્યોના આધારે થશે અને ગૃહમાં દરેક અવાજને સાંભળવાની તક મળશે. પીએમે ઉમેર્યું કે જો મોનસૂન અને મોનસૂન સત્ર બંને પ્રોએક્ટિવ હોય તો તે દેશ અને દરેક જીવમાત્રના કલ્યાણ માટે પ્રોડક્ટિવ સાબિત થાય છે.

પોતાના સંબોધનમાં પીએમે દેશની તાજેતરની તકનીકી અને ઔદ્યોગિક પ્રગતિ ગણાવતા કહ્યું કે તાજેતરમાં ભારતના યુવાનોના સ્ટાર્ટ-અપે સ્પેસ ક્ષેત્રે એવી સિદ્ધિ મેળવી છે જે દુનિયાના બહુ ઓછા દેશો પાસે છે.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ભરૂચ દ્વારા જીલ્લાના ૯ તાલુકામા નવા ૧૨ ક્લસ્ટરના ૧૫૦૦ જેટલા ખેડતોને પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ આપવામા આવી





**ભરૂચ-** ભરૂચ જીલ્લામા આત્મા પ્રોજેક્ટ અંતર્ગત નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ હેઠળ ૧૨ નવા ક્લસ્ટરના ૧૫૦૦ જેટલા ખેડૂત ભાઈ-બહેનોને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ચાસવડના વૈજ્ઞાનિકો દ્વારા ૧૨ તાલિમો થકી પ્રાકૃતિક ખેતી વિષયક માર્ગદર્શન આપવામા આવ્યુ જેમા, દેશી ગાય આધારિત ખેતી અને વિવિધ આયામો જેવા કે બિજામૃત, જીવામૃત, ઘન જીવામૃત અને નિમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, ભ્રમાસ્ત્ર વગેરેની ઘર ગત્થુ બનાવટ અને તેને ખેતીમા ઉપયોગમા કઈ રીતે કરવો જેની વિગતવાર માહીતી આપવામા આવી જેના ઉપયોગથી જમીનના સ્વાસ્થય સુધરે . જમીનને કાર્બનિક તત્વો પુરા પાડે છે.

ભેજ સંગ્રહ શક્તિમા વધારો, સુક્ષ્મજીવાણુઓની સંખ્યમા વધારો તેમજ પાકની રોગ પ્રતિકારક શક્તિમા વધારો કરવામા ખુબ ઉપયોગી છે અને રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા, કેમીકલ જંતુનાશક દવા પરની નિર્ભરતા ઘટાડી શકાય છે જેના મહત્વ વિશે જણાવવામા આવ્યુ સાથે મિશ્ર પાક પધ્ધતી, વાફ્સા, આચ્છાદન વિશે જાણકારી આપી આ તાલીમાં કૃષિ વિજ્ઞાન કેંદ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો.લલિત એમ પાટીલ, વિષય નિષ્ણાત શ્રી.દેવેન્દ્ર જે મોદી, શ્રી.હર્ષદ એમ વસાવા, શ્રી સાગર આર ગોમકાલે, શ્રી. તુષાર જી ભલાણી, ઉપસ્થીત રહેલા ખેડૂતોને તાલીમ દ્વારા માહિતી પુરી પાડી આ તાલિમ દરમીયાન આત્મા પ્રોજેક્ટ ભરુચ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, ભરુચના સ્ટાફ પણ ઉપસ્થીત રહ્યા હતા.

## સોનમ વાંગચુકને તેમની પસંદગીની હોસ્પિટલમાં શિફ્ટ કરોઃ હાઈકોર્ટનો આદેશ, સરકારે કહ્યું- અમને વાંધો નથી



લદાખના સામાજિક કાર્યકર સોનમ વાંગચુકના સ્વાસ્થ્ય સંબંધિત કેસમાં દિલ્હી હાઈકોર્ટે આજે એક અત્યંત મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. અદાલતે વાંગચુકને તેમની જ પસંદગીની મેદાંતા હોસ્પિટલમાં શિફ્ટ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે જ કોર્ટે મેદાંતા હોસ્પિટલ પ્રશાસનને નિષ્ણાત ડોક્ટર્સની એક વિશેષ પેનલ બનાવવાની અને વાંગચુકના તમામ મેડિકલ રિપોર્ટ્સ આ પેનલને સુપ્રત કરવાની સૂચના આપી છે. સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલે હાઈકોર્ટને જણાવ્યું હતું કે સોનમ વાંગચુકને મેદાંતા હોસ્પિટલમાં ખસેડવામાં આવે તેની સામે સરકારને કોઈ વાંધો કે આપત્તિ નથી. પરંતુ, સરકારે આ સાથે એક મહત્વની શરત રજૂ કરી હતી. સોલિસિટર જનરલે કોર્ટ સમક્ષ સ્પષ્ટતા કરી હતી કે વાંગચુકને ડોક્ટરોની મેડિકલ સલાહ વિરુદ્ધ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મેળવવાની મંજૂરી આપવી જોઈએ નહીં.

સોનમ વાંગચુકની આસપાસ રહેલા કેટલાક લોકો તેમને હોસ્પિટલમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેની અસર બહારની પરિસ્થિતિ પર પડી શકે છે. વાંગચુક પોતાની પસંદગીની હોસ્પિટલ અને ડોક્ટર પસંદ કરવા માટે મુક્ત છે, પરંતુ ડોક્ટર્સની સલાહ વિના તેઓ ડિસ્ચાર્જ ન થઈ શકે.

જો વાંગચુક ફરીથી આંદોલન કરે અને તબિયત લથડે તો જવાબદાર કોણ?: સરકાર સોલિસિટર જનરલે સુનાવણી દરમિયાન કોર્ટ સમક્ષ એક ગંભીર સવાલ ઉઠાવ્યો હતો.

## ભારતમાં ડેન્ગ્યુની પ્રથમ વેક્સિનને મંજૂરી, ૪ થી ૬૦ વર્ષ સુધીની વયના લોકો લઈ શકશે

ભારતમાં ડેન્ગ્યુ સામે રક્ષણ આપતી પ્રથમ વેક્સિન QDENGA ને મંજૂરી મળી છે. જાપાનની Takeda કંપની દ્વારા નિર્મિત આ રસીને ભારતના ડ્રગ કંટ્રોલર જનરલ એ ૪ થી ૬૦ વર્ષના લોકો માટે લીલી ઝંડી આપી છે. ડેન્ગ્યુના ૪ વેરિઅન્ટ સામે અસરકારક આ રસીના ૨ ડોઝ ૩ મહિનાના અંતરે અપાશે, જે ૯૦% સુધી હોસ્પિટલાઇઝેશન ઘટાડવામાં સક્ષમ છે.




દર વર્ષે ચોમાસું શરૂ થતાં જ દેશભરમાં ડેન્ગ્યુનો પ્રકોપ ઝડપથી વધવા લાગે છે. વરસાદની ઋતુમાં ડેન્ગ્યુ લાખો લોકોને પોતાની ઝપેટમાં લે છે અને હોસ્પિટલો દર્દીઓથી ઉભરાવા લાગે છે તે હવે સામાન્ય વાત બની ગઈ છે. ઘણા કિસ્સાઓમાં તો દર્દીઓની સ્થિતિ અત્યંત ગંભીર થઈ જાય છે અને આ સમસ્યા વર્ષોવર્ષ વકરી રહી છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે હવે ભારત માટે એક ખૂબ જ રાહતના સમાચાર સામે આવ્યા છે. ભારતમાં પહેલીવાર ડેન્ગ્યુથી બચાવ માટે એક રસી (વેક્સિન) ને મંજૂરી આપી દેવામાં આવી છે. આ રસીનું નામ ક્યૂડેન્ગા છે, જેને જાપાનની જાણીતી ફાર્મા કંપની Takeda દ્વારા તૈયાર કરવામાં આવી છે. ભારતના ડ્રગ કંટ્રોલર જનરલ એ આ રસીને ૪થી ૬૦ વર્ષની વયના લોકો માટે લીલી ઝંડી આપી દીધી છે.

QDENGA એ ભારતમાં મંજૂર થનારી સર્વપ્રથમ ડેન્ગ્યુ વેક્સિન છે. આ રસીની સૌથી મોટી ખાસિયત એ છે કે તેને લગાડતા પહેલાં વ્યક્તિને ક્યારેય ભૂતકાળમાં ડેન્ગ્યુ થયો છે કે નહીં, તેની કોઈ પણ પ્રકારની તપાસ કરાવવાની જરૂર રહેશે નહીં. એટલે કે, આ રસી કોઈ પણ વ્યક્તિને સરળતાથી આપી શકાશે. જો કોઈને પહેલા ડેન્ગ્યુ થઈ ચૂક્યો હોય તો પણ તે આ રસી લઈ શકે છે અને જો ક્યારેય ડેન્ગ્યુ ન થયો હોય તો પણ આ રસી લગાડી શકાય છે. તબીબી મંજૂરી અનુસાર, આ રસી ૪ વર્ષથી લઈને ૬૦ વર્ષ સુધીની ઉંમરના તમામ લોકો માટે ઉપલબ્ધ બનશે. આ વેક્સિનના કુલ બે ડોઝ આપવામાં આવશે, જેમાં બંને ડોઝની વચ્ચે ૩ મહિનાનો સમયગાળો રાખવો અનિવાર્ય છે.







Date- 22/07/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# તાપીઃ સોનગઢ ચેકપોસ્ટ પાસે ગમખ્વાર અકસ્માત, લાકડાચોરોનો પીછો કરી રહેલા RFO સહિત ૨ ના મોત



તાપીના સોનગઢ પંથકમાં વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ગેરકાયદેસર લાકડા ચોરી કરી ભાગી રહેલા માફિયાઓનો પીછો કરતા વન વિભાગના RFO વિકાસ દેસાઈ અને રેહાન ગામીતનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું હતું. RTO ચેકપોસ્ટ નજીક થયેલા આ ત્રિપલ અકસ્માતમાં વન વિભાગની કાર અને લાકડા ભરેલી શંકાસ્પદ કાર રસ્તા પર ઉભેલા કન્ટેનર સાથે ધડાકાભેર અથડાઈ હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

તાપી જિલ્લાના સોનગઢ પંથકમાં ૨૦ મી જુલાઈ) વહેલી સવારે જંગલ સંપત્તિનું રક્ષણ કરતા વન વિભાગની ટીમ પર દુઃખદ આફત આવી પડી છે. તાપી રેન્જના જંગલમાંથી ગેરકાયદે લાકડાની ચોરી કરી ભાગી રહેલા માફિયાઓનો પીછો કરતી વખતે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને અન્ય એક યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર, તાપી રેન્જના જંગલ વિસ્તારમાંથી કિંમતી લાકડાની ગેરકાયદે ચોરી અને હેરાફેરી થઈ રહી હોવાની ચોક્કસ બાતમી વન વિભાગને મળી હતી. આ માહિતીના આધારે ફરજ પર તહેનાત RFO વિકાસ દેસાઈ અત્યંત સતર્ક હતા. વહેલી સવારે આશરે ૪:૦૦થી ૫:૦૦ વાગ્યાના સુમારે ઉકાઈ તરફથી પસાર થઈ રહેલી એક શંકાસ્પદ ગાડીને રોકવા માટે વન વિભાગની ટીમે ઈશારો કર્યો હતો. પરંતુ, વન વિભાગની ટીમને જોતાં જ શંકાસ્પદ કારચાલકે વાહન ઊભું રાખવાને બદલે પૂરઝડપે હંકારી મૂક્યું હતું. જેથી RFO વિકાસ દેસાઈ અને તેમની સાથેના યુવકે સમયસૂચકતા વાપરીને લાકડા ચોરોની કારનો પીછો કરવાનું શરૂ કર્યું હતું.

બંને વાહનો પૂરઝડપે સોનગઢ RTO ચેકપોસ્ટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક પીછો કરી રહેલી કાર અને લાકડા ભરેલી શંકાસ્પદ કાર રસ્તા પર ઊભેલા એક કન્ટેનર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ભયાનક ત્રિપલ અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોચતા RFO વિકાસ દેસાઈ અને રેહાન ગામીત ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ઉચ્ચ વહીવટી અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં અકસ્માતગ્રસ્ત શંકાસ્પદ વાહનમાં ગેરકાયદે લાકડા ભરેલા હોવાનું સ્પષ્ટ થયું છે. પોલીસે બંને મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા છે અને ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# વ્યારાઃ સોનમ વાંગચુકના આંદોલનને સમર્થન આપવા તાપી કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું




વ્યારાઃ દેશની શૈક્ષણિક અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી અનિયમિતતાઓ અને પેપર લીક જેવી ગંભીર ઘટનાઓના વિરોધમાં દિલ્હીના જંતર-મંતર ખાતે સામાજિક કાર્યકર્તા શ્રી સોનમ વાંગચુક અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી રહેલા આમરણ ઉપવાસ આંદોલનને હવે દક્ષિણ ગુજરાતમાંથી પણ વ્યાપક સમર્થન મળી રહ્યું છે. વ્યારા ખાતે આદિવાસી સમાજ તાપી દ્વારા જિલ્લા કલેક્ટરશ્રીને સંબોધીને એક વિસ્તૃત આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. જેમાં દેશની શિક્ષણ પ્રણાલીમાં પારદર્શિતા અને જવાબદારી લાવવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે. કલેક્ટર કચેરી વતી આ આવેદનપત્ર સ્વીકારીને યોગ્ય સ્તરે પહોચાડવાની ખાતરી આપવામાં આવી હતી.

આવેદનપત્રમાં રજૂ કરાયેલી વિગતો અનુસાર, દેશમાં વારંવાર પેપર લીક થવા, પરીક્ષાઓ મુલતવી રહેવી અને પરિણામોમાં થતા અસહ્ય વિલંબને કારણે લાખો વિદ્યાર્થીઓ ભારે માનસિક તણાવ, અસુરક્ષિતતા અને નિરાશાનો સામનો કરી રહ્યા છે. વર્ષો સુધી સખત મહેનત કરવા છતાં વિદ્યાર્થીઓનું મનોબળ તૂટી રહ્યું છે. આદિવાસી સમાજ તાપીએ જણાવ્યું છે કે શ્રી સોનમ વાંગચુકની આ લડત માત્ર કોઈ એક વ્યક્તિ પૂરતી સીમિત નથી, પરંતુ દેશના લાખો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓના ઉજ્જવળ ભવિષ્ય માટેની ન્યાયિક લડત છે, જેને સમાજ સંપૂર્ણ સમર્થન જાહેર કરે છે.

આદીવાસી સમાજ દ્વારા આવેદનપત્ર મારફતે ભારત સરકાર અને સત્તાધિકારીઓ સમક્ષ મુખ્ય આઠ માંગણીઓ રજૂ કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે દેશની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં એક સુરક્ષિત અને પારદર્શક વ્યવસ્થા ઊભી કરવી, પેપર લીક કરનારા તત્વો સામે કડક અને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરવી, તેમજ નિર્ધારિત સમયમર્યાદામાં પરીક્ષા યોજી પરિણામો જાહેર કરવાની માંગણીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વારંવાર થતા વિલંબથી વિદ્યાર્થીઓ પર પડતો આર્થિક-માનસિક બોજ હળવો કરવા અને શૈક્ષણિક સંસ્થાઓમાં કાઉન્સેલિંગની સુવિધા આપવા પણ વિનંતી કરાઈ છે. આવેદનપત્રના અંતે 'પારદર્શક પરીક્ષા વ્યવસ્થા વિદ્યાર્થીઓનો અધિકાર' ના નારા સાથે ભ્રષ્ટાચાર મુક્ત શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવા ભારપૂર્વક જણાવાયું છે. આ આવેદનપત્રમાં આદિવાસી સમાજ તાપીના અનેક સભ્યો અને આગેવાનોએ મોટી સંખ્યામાં હસ્તાક્ષર કરીને પોતાનો વિરોધ અને સમર્થન નોંધાવ્યું છે.

# તાપી જિલ્લાની પીએમ શ્રી શાળાઓમાં કોમ્પ્યુટર રિસોર્સ પર્સનની ભરતી પુનઃ શરૂ કરવા આદિવાસી સમાજની કલેક્ટરને રજૂઆત




**તાપીઃ**-તાપી જિલ્લાના આદિવાસી સમાજના સભ્યો દ્વારા જિલ્લા કલેક્ટરશ્રીને એક મહત્વપૂર્ણ આવેદનપત્ર પાઠવીને પીએમ શ્રી શાળાઓમાં કોમ્પ્યુટર રિસોર્સ પર્સન (કોમ્પ્યુટર ઓપરેટર) ની ભરતી પ્રક્રિયા તાત્કાલિક ધોરણે પુનઃ શરૂ કરવા માટે ઉગ્ર માંગ કરવામાં આવી છે. વ્યારા ખાતે કલેક્ટર કચેરીમાં સુપ્રત કરાયેલા આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, વર્તમાન આધુનિક અને ટેકનોલોજીના યુગમાં શિક્ષણ ક્ષેત્રે કોમ્પ્યુટરનું જ્ઞાન અનિવાર્ય બન્યું છે. આજનો સમય સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ડિજિટલ સાક્ષરતાનો છે, ત્યારે રોજગારની તકો અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કોમ્પ્યુટર શિક્ષણ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે.

આવેદનપત્રમાં રજૂઆતકર્તાઓએ સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત શાળાઓમાં કમ્પ્યુટર લેબ, ડિજિટલ બોર્ડ તેમજ અન્ય ડિજિટલ સંસાધનો ઉપલબ્ધ કરાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો, પરંતુ સાથે જ એક ગંભીર ક્ષતિ તરફ ધ્યાન દોર્યુંછે. હાલમાં શાળાઓમાં આ કિંમતી સાધનોનો યોગ્ય અને અસરકારક ઉપયોગ કરવા માટે જરૂરી એવા 'કોમ્પ્યુટર રિસોર્સ પર્સન'ની ભરતી પ્રક્રિયા અટકાવી દેવામાં આવી છે. આ પરિસ્થિતિને કારણે શાળાઓમાં ભૌતિક સાધનો હોવા છતાં તેનો પૂરતો લાભ વિદ્યાર્થીઓને મળી શકતો નથી. સરળ શબ્દોમાં કહીએ તો, શાળાઓમાં અત્યારે 'સાધનો છે, પરંતુ તેને ચલાવનાર નથી', એટલે કે 'બસ છે, પરંતુ ડ્રાઇવર નથી.' આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓને ટેકનોલોજી આધારિત ગુણવત્તાયુક્ત શિક્ષણનો સંપૂર્ણ લાભ મળી શકતો નથી.

ખાસ કરીને તાપી જિલ્લો બંધારણની પાંચમી અનુસૂચિ હેઠળ આવતો પછાત અને આદિવાસી વિસ્તાર છે, જ્યાં ભૌગોલિક, આર્થિક અને શૈક્ષણિક પડકારો વધુ પ્રમાણમાં જોવા મળે છે. આવા અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવા અને આદિવાસી વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે સ્પર્ધામાં ટકી રહેવા માટે આધુનિક ટેકનોલોજીનું જ્ઞાન આપવું અત્યંત આવશ્યક છે. આ જ્ઞાન આપવા માટે શાળાઓમાં કાયમી કે નિયમિત ધોરણે કોમ્પ્યુટર ઓપરેટરની ઉપસ્થિતિ અનિવાર્ય છે.

આથી, આદિવાસી સમાજ તાપી વતી માનનીય કલેક્ટરશ્રીને નમ્ર અપીલ કરવામાં આવી છે કે તેઓ આ ગંભીર બાબતને પ્રાથમિકતા આપે અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ સમક્ષ આ અંગે લેખિતમાં સચોટ રજૂઆત મોકલે. પીએમ શ્રી શાળાઓમાં કોમ્પ્યુટર રિસોર્સપર્સનની ભરતી પ્રક્રિયા પુનઃ શરૂ કરાવીને આદિવાસી અને પછાત વિસ્તારોના વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં યોગ્ય અને તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી વ્યાપક માંગ ઉઠી છે. વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને શિક્ષણ ક્ષેત્રે સમાન તક, પારદર્શિતા અને ન્યાયની આશા સાથે આદિવાસી સમાજના સભ્યોએ આ બાબતે સક્રિય પહેલ કરવાની વિનંતી કરી છે.

# માંડવીનો ગરેડીયા પુલનો ડાયવર્ઝન માર્ગ ધોવાયો, મરામત કરવા લોકમાગ



માંડવી- માંડવીમાં સતત વરસી રહેલા મેઘરાજાને પગલે ગરેડીયા પુલના નિર્માણ સ્થળે તૈયાર કરાયેલો કામચલાઉ ડાયવર્ઝન માર્ગ ધોવાઈ જતાં સ્થાનિકો અને વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

તંત્ર દ્વારા વાહનવ્યવહાર માટે તરસાડાબાર બાયપાસ રોડ થઈને માંડવી જવાનો વૈકલ્પિક રૂટ જાહેર કરાયો છે, પરંતુ આ લાંબા ફેરાવાને કારણે રોજબરોજ આવન-જવર કરતા નાગરિકોનો કિંમતી સમય અને ઇંધણ બંનેનો મોટો બગાડ થઈ રહ્યો છે.

આ લાંબા રૂટની અગવડથી બચવા માટે સ્થાનિકો અને અંતરિયાળ ગામોના વાહનચાલકો હાલ ખેડપૂર ત્રણ રસ્તાથી કજરીયા થઈને સાલૈયા ગામ તરફ તેમજ અંબાજી નાકા તરફથી શહેરમાં આવવા-જવા માટે ટૂંકા રસ્તાનો ઉપયોગ કરી રહ્યા છે. જોકે, આ વૈકલ્પિક ખેડપૂર-કજરીયા માર્ગ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે, જ્યાં વરસાદી પાણી ભરાયેલા મોટા ખાડાઓને કારણે વાહનચાલકોને અંદાજ ન આવતા અકસ્માતનો સતત ભય સતાવી રહ્યો છે.

ગરેડીયા પુલનું કામ પૂરું ન થાય ત્યાં સુધી આ ટૂંકા વૈકલ્પિક માર્ગ પર નાના વાહનોનું ભારણ ભારે રહેવાનું છે, જેથી દ્વિચક્રી વાહનચાલકો અને રાહદારીઓની સલામતી જોખમાઈ રહી છે. આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ખેડપૂર ત્રણ રસ્તાથી કજરીયા માર્ગનું સમારકામ કરવામાં આવે તેવી પ્રબળ લોક માંગ ઉઠી છે.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટઃ એજન્સીએ કાંસ બ્લોક કરતા પાણી આસપાસના ખેતરોમાં ભરાયા



બારડોલી- દેશના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ એવા મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના અંત્રોલી ગામે બુલેટ ટ્રેનનું ભવ્ય સ્ટેશન આકાર લઈ રહ્યું છે, જે ભવિષ્યમાં આ વિસ્તારની રોનક બદલી નાખશે. પરંતુ વર્તમાન સ્થિતિમાં આ જ પ્રોજેક્ટ સ્થાનિક ખેડૂતો માટે મોટી આફત સાબિત થઈ રહ્યો છે.

સ્ટેશનનું કામ કરતી એજન્સીની ગંભીર બેદરકારીના કારણે અંત્રોલી અનેઆસપાસના વિસ્તારના ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. આ પહેલાં સ્ટેશનની કામગીરી દરમિયાન સંબંધિત એજન્સી દ્વારા વિસ્તારમાં પાણીના નિકાલ માટેની કુદરતી કાસ (કાંસ) અને ગટરોને પૂરી દેવામાં આવી છે અથવા બંધ કરી દેવામાં આવી છે.

એજન્સી દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે કોઈ વૈકલ્પિક કે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. પરિણામે, ચાલુ ચોમાસામાં પડેલા વરસાદનું પાણી ગામના ખેતરોમાં ભરાઈ ગયું છે. કુદરતી માર્ગો બંધ હોવાના કારણે ખેતરોમાંથી પાણીનો નિકાલ બિલકુલ થઈ રહ્યો નથી અને કલાકો સુધી પાણી જમા રહે છે. બુલેટ ટ્રેન સ્ટેશનના કામકાજને લીધે અમારા વિસ્તારમાં પાણીના નિકાલની જે કુદરતી ગટરો અને કાસ હતા તે એજન્સીએ બંધ કરી દીધા છે. ખેતરોમાં ગોઠણસમા પાણી ભરાઈ ગયા છે અને નિકાલનો કોઈ રસ્તો નથી. અમે એજન્સીના અધિકારીઓને રૂબરૂ જઈને હાથ જોડ્યા, અનેકવાર ફોન કર્યા પણ કોઈ સરખો જવાબ આપતું નથી.

# કામરેજમાં તાપી નદીના પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી

## ગાય પગલા મંદિરે ભક્તિમય વાતાવરણ વચ્ચે તાપી મૈયાને ૫૫૧ મીટર લાંબી ચૂંદડી અર્પણ કરાઈ; મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા



કામરેજ- સુરત જિલ્લાના કામરેજ સ્થિત ગાય પગલા મંદિરે તાપી નદીના પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તાપી મૈયાના જન્મદિન નિમિત્તે યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમમાં માતાજીને ૫૫૧ મીટર લાંબી વિશાળ ચૂંદડી અર્પણ કરવામાં આવી હતી. આ દિવ્ય દૃશ્યના સાક્ષી બનવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

આ મહોત્સવનું આયોજન કામરેજના દેહુર ભરવાડ દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજક દેહુર ભરવાડે જણાવ્યું હતું કે તાપી માતા સુરત જિલ્લાની જીવાદોરી સમાન છે અને તેમના જન્મદિનની ઉજવણી નિમિત્તે ૫૫૧ મીટર લાંબી ચૂંદડી અર્પણ કરવાની પરંપરા અગાઉથી ચાલી આવી છે, જેને આ વર્ષે પણ યથાવત રાખવામાં આવી છે.

કાર્યક્રમ દરમિયાન આશરે ૧૦૦૦-૧૨૦૦ જેટલા ભક્તોની ઉપસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરક્ષા અને સલામતી માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તે માટે કામરેજ ફાયર બ્રિગેડની ટીમને પણ ખાસ રાઉન્ડ પર તૈનાત રાખવામાં આવી હતી, જેથી સમગ્ર કાર્યક્રમ સુચારુ અને સુરક્ષિત રીતે પૂર્ણ થઈ શકે.

કામરેજ ઉપરાંત આસપાસના અનેક ગામડાઓમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મહોત્સવમાં જોડાયા હતા. ભક્તોએ તાપી મૈયાની આરાધના કરી પ્રાગટ્ય દિવસની ઉમંગભેર ઉજવણી કરી હતી. મહોત્સવના અંતે તમામ ઉપસ્થિત ભક્તો માટે મહાપ્રસાદ (ભંડારા) ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. તાપી નદી પ્રત્યેની અખંડ શ્રદ્ધા અને ગ્રામજનોના સહયોગથી આયોજિત આ મહોત્સવ ધાર્મિક આસ્થા, સામાજિક એકતા અને સેવાભાવનું અનોખું ઉદાહરણ બની રહ્યો હતો.

# સોલાર પ્લાન્ટમાંથી કોપર વાયર ચોરીનો ભેદ ઉકેલાયોઃ સુરત જિલ્લા LCBએ ૭૦ કિલો મુદ્દામાલ સાથે ત્રણ ઝડપાયા, બે વોન્ટેડ



બારડોલી- સુરત ગ્રામ્ય એલસીબીએ માંગરોળ તાલુકાના મોટી પારડી વિસ્તારમાં આવેલા સોલાર પ્લાન્ટમાંથી કોપર વાયરની ચોરીનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે ૭૦ કિલોગ્રામ કોપર વાયર સહિત કુલ ૨,૮૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય બે વોન્ટેડ જાહેર કરાયા છે.

સુરત ગ્રામ્ય એલ.સી.બી. (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમને ચોક્કસ બાતમી મળી હતી. બાતમી અનુસાર, માંગરોળ તાલુકાના મોટી પારડી ગામનો નિતેશ વસાવા અને તેના સાથીદારોએ કોપર તારનો જથ્થો ચોરી કર્યો હતો. તેઓ આ જથ્થો પોતાની ઈકો કાર માં ભરીને આકિલખાન નામના શખ્સને શીતલ હોટલની બાજુમાં સાવા જતા રોડ પર આપવા આવવાના હતા.

આ બાતમીના આધારે પોલીસે સાવા પાટિયા શીતલ હોટલની બાજુમાં વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન ઉપરોક્ત નંબરની ઈકો કાર ત્યાં આવી પહોચતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. કારમાંથી બે મણિયાના કોથળામાં ભરેલા ચોરીના કોપર તાર સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ કરતા તેઓએ નંદાવ તથા વેલાછા ગામની સીમમાં આવેલ રાયઝોન સોલાર પ્લાન્ટમાંથી કોપરના કેબલ વાયરની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. તેઓ ચોરી કરેલા વાયરોને સળગાવીને તેમાંથી કોપરના તારનો જથ્થો ભેગો કરતા હતા.

આરોપીઓએ જણાવ્યું કે, તેમણે અગાઉ આ જથ્થાનો અમુક ભાગ અરબાઝખાનને વેચ્યો હતો અને બાકીનો જથ્થો આકિલખાનને વેચવા માટે આવ્યા હતા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

### મહિલા ઉદ્યોગસાહસિકો દ્વારા વ્યવસાય વિસ્તૃત કરવા ડિજિટલ પ્લેટફોર્મનો વ્યાપક ઉપયોગ

ડીબીએસ બેંક ઇન્ડિયા અને ડેલોઇટના સર્વે મુજબ, ભારતીય મહિલાઓ ડિજિટલ ફાઇનાન્સનો વ્યાપક ઉપયોગ કરી રહી છે. ૧,૩૪૨ મહિલાઓ પરના આ સર્વેમાં ૮૪% મહિલા ઉદ્યોગસાહસિકો ડિજિટલ પેમેન્ટ્સ, ૩૮% લોન અને ૨૯% રોકાણ પ્લેટફોર્મ વાપરે છે. ઝડઈ સૌથી મોટી ચેનલ બની છે, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં રોકડનો ઉપયોગ વધુ છે. ૪૬% મહિલાઓ ડિજિટલ છેતરપિંડીનો ભોગ બની છે.

ભારતીય મહિલાઓ માટે, ડિજિટલ ફાઇનાન્સ હવે ફક્ત ઓનલાઈન ચુકવણીઓ સુધી મર્યાદિત નથી. આજે, ખાસ કરીને મહિલા ઉદ્યોગસાહસિકો તેમના વ્યવસાયોને વિસ્તૃત કરવા, લોન મેળવવા અને રોકાણ કરવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો વ્યાપકપણે ઉપયોગ કરી રહી છે. આ પરિવર્તન દર્શાવે છે કે મહિલાઓ હવે નાના વ્યવહારોથી આગળ વધી રહી છે અને નાણાકીય વ્યવસ્થાપન પર સંપૂર્ણ નિયંત્રણ લઈ રહી છે. ડીબીએસ બેંક ઇન્ડિયાએ ડેલોઇટ સાથે મળીને મહિલા અને નાણાં- ડિજિટલ તક નામનો અભ્યાસ હાથ ધરાયો હતો. સર્વેમાં દેશભરની ૧,૩૪૨ મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં ઉદ્યોગસાહસિક મહિલાઓ, ઉચ્ચ-નેટ-વર્થ મહિલાઓ અને ગ્રામીણ આવક મેળવનારાઓનો સમાવેશ થાય છે.

આ અહેવાલ મુજબ, મહિલા ઉદ્યોગસાહસિકોમાં ડિજિટલ ચુકવણી સાધનોનો ઉપયોગ સૌથી વધુ ૮૪% છે. પરંતુ તે ફક્ત ચુકવણીઓ પૂરતો સીમિત નથી, ૩૮% મહિલાઓ હવે લોન અને ક્રેડિટ પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહી છે, જ્યારે ૨૯% મહિલાઓ રોકાણ માટે બ્રોકરેજ પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહી છે. ભારતની યુપીઆઈ સિસ્ટમ મહિલાઓને બેંકિંગ સેવાઓ સાથે જોડવા માટે સૌથી મોટી ચેનલ બની ગઈ છે. સર્વેમાં સામેલ ૭૭% ઉચ્ચ આવક ધરાવતી મહિલાઓ અને ૭૨% મહિલા ઉદ્યોગસાહસિકોએ સ્વીકાર્યું કે તેઓ યુપીઆઈનો ઉપયોગ કરે છે. દરમિયાન, ગ્રામીણ વિસ્તારોમાં ૫૪% કમાણી કરતી મહિલાઓ પણ યુપીઆઈ સાથે જોડાયેલી છે. જોકે, શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચેનો તફાવત હજુ પણ સ્પષ્ટપણે દેખાય છે. જ્યારે શહેરોમાં સર્વોચ્ચ સ્તરે છે, ત્યારે ગામડાઓમાં રોકડ પસંદગીની પદ્ધતિ રહે છે. ગ્રામીણ વિસ્તારોમાં ૭૭% કમાણી કરતી મહિલાઓ હજુ પણ રોકડમાં વ્યવહાર કરે છે.

બીજી બાજુ, ૪૨% મહિલા ઉદ્યોગસાહસિકો ડેબિટ કાર્ડનો ઉપયોગ કરે છે, અને ૩૬% ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરે છે. શ્રીમંત મહિલાઓમાં, યુપીઆઈ (૭૭%) પછી ક્રેડિટ કાર્ડ (૫૩%) તેમની બીજી સૌથી મોટી પસંદગી છે. મહિલાઓ હવે ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ ફક્ત ચુકવણી માટે જ નહીં, પરંતુ તેમના વ્યવસાયોને સંપૂર્ણ રીતે સંચાલિત કરવા માટે પણ કરી રહી છે. સર્વે ડેટા દર્શાવે છે કે મહિલાઓ તેમના વ્યવસાયોને આધુનિક બનાવવા માટે નીચે દર્શાવેલ ક્ષેત્રોમાં રોકાણ કરી રહી છે.

૬૫% મહિલા ઉદ્યોગસાહસિકો તેમના સ્ટાફ અને કોન્ટ્રાક્ટરોને ચૂકવણી કરવા માટે ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ કરે છે. ૫૩% મહિલાઓ ડિજિટલ માર્કેટિંગ, બ્રાન્ડિંગ, સામગ્રી બનાવવા અને નવા ગ્રાહકો મેળવવા પર ખર્ચ કરી રહી છે. ૩૭% મહિલાઓ વ્યવસાય સંબંધિત સોફ્ટવેર અને ટેક ટૂલ્સમાં રોકાણ કરી રહી છે. ૨૬% મહિલાઓ ઇન્વેન્ટરી અને સામગ્રી ખર્ચ પર ખર્ચ કરે છે. ૨૨% મહિલાઓ આફિસ અથવા વેરહાઉસ ભાડા પર ખર્ચ કરે છે.

આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે મહિલાઓ માત્ર દૈનિક ખર્ચનું સંચાલન જ નહીં પરંતુ વ્યવસાય વૃદ્ધિ અને ટેકનોલોજી પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. વધુમાં, શહેરી વિસ્તારમાં કામ કરતી મહિલાઓમાં ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ઝડપથી વધ્યો છે. અડધા મહિલા ઉદ્યોગસાહસિકો દરરોજ અથવા અઠવાડિયામાં ઘણી વખત વ્યક્તિગત ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરે છે.

ગ્રામીણ ભારતમાં ડિજિટલ પરિવર્તન ધીમે ધીમે થઈ રહ્યું છે, જ્યાં રોકડ અને ડિજિટલ વ્યવહારોનું મિશ્રણ પ્રચલિત છે. ૪૮% ગ્રામીણ મહિલાઓ ડિજિટલ ચુકવણી પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે, અને ૪૨% બેંક એપ્લિકેશનો અથવા વેબસાઇટ્સનો ઉપયોગ કરે છે. સ્નાતક થયેલી ગ્રામીણ મહિલાઓમાં ડિજિટલ ચુકવણીનો ઉપયોગ ૭૨% છે, ત્યારે આ આંકડો ફક્ત પ્રાથમિક શાળા સુધીનો અભ્યાસ કરનારી મહિલાઓમાં માત્ર ૩૦% છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## બારડોલી અને પલસાણામાં એક-એક ઇંચ વરસાદ:નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય માર્ગો પર પાણી ભરાયા, સારો વરસાદ થવાથી ખેડૂતોમાં ખુશી



બારડોલી- હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત માટે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જેને પગલે આજે સુરત જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. બારડોલી, પલસાણા, મહુવા અને અંબિકા સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ નોંધાયો છે.

સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમિયાન સુરત જિલ્લામાં નોંધાયેલા વરસાદના આંકડા મુજબ, બારડોલી અને પલસાણામાં એક-એક ઇંચ વરસાદ પડ્યો છે. જયારે મહુવા અને અંબિકામાં ૦.૫ ઇંચ વરસાદ નોંધાયો છે.

બારડોલી પંથકમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય માર્ગો પર પાણી ભરાયા હતા, જેના પરિણામે વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ચોમાસાના આ બીજા રાઉન્ડમાં સારો વરસાદ થવાથી ખેડૂતોમાં સંતોષ જોવા મળી રહ્યો છે. આ વરસાદ પાક માટે ફાયદાકારક સાબિત થશે તેવી આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને સાવચેત રહેવા અને બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

## તાપી જિલ્લાના સોનગઢમાં સોનમ વાંગચુક અને કોક્રોચ જનતા પાર્ટીના સમર્થનમાં આદિવાસી સમાજ મેદાને: દિલ્હી જંતર-મંતરના આંદોલનની જવાળા ગુજરાત સુધી પહોંચી

**સોનગઢ-** દિલ્હીના ઐતિહાસિક જંતર-મંતર ખાતે પોતાની પડતર માંગણીઓ અને ન્યાય માટે અનશન પર બેઠેલા સોનમ વાંગચુક અને કોક્રોચ જનતા પાર્ટીના સમર્થનમાં સમગ્ર દેશમાંથી અવાજ ઉઠી રહ્યો છે, ત્યારે ગુજરાતના તાપી જિલ્લાનું સોનગઢ પણ આ આંદોલનનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. જંતર-મંતર ખાતે ચાલી રહેલા આ આમરણાંત ઉપવાસ અને ધરણા પ્રદર્શનને સોનગઢના આદિવાસી સમાજ દ્વારા વ્યાપક અને મજબૂત સમર્થન આપવામાં આવી રહ્યું છે.

**બિરસામુંડા ચોક ખાતે પ્રતીક ધરણા: વિરોધનો પ્રચંડ સૂર**

આ આંદોલનના ભાગરૂપે સોનગઢના ઐતિહાસિક બિરસામુંડા ચોક ખાતે એક વિશાળ પ્રતીક ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનની ખાસિયત એ રહી કે તેમાં કોઈ એક વર્ગ નહીં, પરંતુ સમગ્ર આદિવાસી સમાજ એકતાના તાંતણે બંધાયેલો જોવા મળ્યો હતો.

**-બાળકોથી લઈને વડીલોની હાજરી:** આ સમર્થનમાં માત્ર યુવાનો કે વડીલો જ નહીં, પરંતુ નાના-નાના બાળકો પણ પ્લેકાર્ડ્સ સાથે જોડાયેલા જોવા મળ્યા હતા, જે દર્શાવે છે કે આ લડત ભવિષ્યની પેઢીના અસ્તિત્વ સાથે જોડાયેલી છે.

**-જાતિ-ધર્મના ભેદભાવ ભૂલાયા:** વર્તમાન પરિસ્થિતિ એટલી ગંભીર બની ચૂકી છે કે લોકો પોતાની જ્ઞાતિ, ધર્મ કે





રાજકીય વિચારધારાને બાજુ પર મૂકીને અન્યાય સામે એક થઈને આગળ આવી રહ્યા છે. આ ધરણામાં આદિવાસી સમાજના અગ્રણીઓ, સામાજિક કાર્યકરો અને મોટી સંખ્યામાં યુવાનોએ હાજરી આપી ન્યાયની માંગ બુલંદ કરી હતી.

**સ્થિતિ અત્યંત ગંભીર: વહીવટીતંત્ર અને સરકારની ઘોર ઉપેક્ષા સામે આક્રોશ**

જંતર-મંતર ખાતે અત્યાર સુધી જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે તે અત્યંત ચિંતાજનક અને લોકશાહી માટે શરમજનક છે.

**કડક શબ્દોમાં વિરોધ:** પોતાના હક્કો માટે શાંતિપૂર્ણ રીતે લડી રહેલા પ્રદર્શનકારીઓને ન્યાય આપવાને બદલે સત્તાધીશો દ્વારા જે નિર્દયી ઉપેક્ષા કરવામાં આવી રહી છે, તેનાથી જનતામાં ભારે રોષ છે. દિવસોથી અન્ન-જળનો ત્યાગ કરીને બેઠેલા આંદોલનકારીઓની તબિયત લથડી રહી હોવા છતાં વહીવટીતંત્રની આંખ ઉઘડતી નથી. સરકારના આ જિદ્દી અને સંવેદનહીન વલણને કારણે જ આજે છેક ગુજરાતના અંતરિયાળ વિસ્તારો સુધી આક્રોશની જ્વાળા પ્રસરી છે. જો સમય રહેતા જંતર-મંતર ખાતે ચાલી રહેલા આ અનશન અને માંગણીઓનો યોગ્ય ઉકેલ લાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સોનગઢ સહિત સમગ્ર દેશમાં આ આંદોલન વધુ ઉગ્ર બને તેવી પૂરેપૂરી શક્યતાઓ દેખાઈ રહી છે.

### સુરતના અમરોલીમાં ડુપ્લીકેટ સોપ બનાવવાનું નેટવર્ક ઝડપાયું

## પ્રગતિ ઈકો પાર્કમાં દરોડા પાડી ૧.૮૧ લાખનો બ્રાન્ડેડના નામે વેચાતો ફેક સાબુ જપ્ત, આરોપી વેપારીની ધરપકડ





સુરત- સુરત શહેરના અમરોલી વિસ્તારમાં આવેલા વેદાંત ઈન્ડસ્ટ્રીઝ-૦૩ પ્રગતિ ઈકો પાર્ક ખાતેથી કોપીરાઈટ એક્ટના ભંગ બદલ અમરોલી પોલીસે દરોડા પાડીને આરોપી વેપારીની ધરપકડ કરી છે. જાણીતી કંપની યામી ઘર શોપ પ્રા.લી.ના નામે ડુપ્લીકેટ કોસ્મેટિક સોપ બનાવી વેચાણ કરતા ઈસમ પર કંપનીના અધિકૃત અધિકારીની તપાસ બાદ કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન પોલીસે રૂ. ૧,૮૧,૨૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે કાયદેસરના પગલાં ભર્યા છે.

અમદાવાદ ખાતે રહેતા અને પુણે સ્થિત યામી ઘર શોપ પ્રા.લી. કંપનીમાં ટ્રેડમાર્ક તથા કોપીરાઈટ રક્ષણ માટે ઓથોરાઈઝડ પર્સન તરીકે ફરજ બજાવતા જયદીપભાઈ ભટ્ટી અને તેમના સાથી કર્મચારી સુભાષભાઈ ભુતોરીયાએ સુરતમાં ખાનગી રાહે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન અમરોલીના વેદાંત ઈન્ડસ્ટ્રીઝ-૦૩ પ્રગતિ ઈકો પાર્કના ખાતા નંબર-૦૫ વાલમ પ્રા.લી.મા તેમની કંપનીના ભળતા નામ અને ડિઝાઈનવાળા ડુપ્લીકેટ સાબુનું ઉત્પાદન અને વેચાણ થતું હોવાની વિગતો સામે આવી હતી.

કંપનીના અધિકારીઓએ જરૂરી દસ્તાવેજો અને પાવર ઓફ એટોર્ની બતાવી અમરોલી પોલીસની મદદ માંગી હતી.

## વડોદરા: આમ આદમી પાર્ટીમાં ભંગાણ!, માજી સૈનિક અધ્યક્ષ સહિત ૩ નેતાઓ કોંગ્રેસમાં જોડાયા



વડોદરામાં AAPને મોટો ફટકો પડ્યો છે. પૂર્વ સૈનિક અધ્યક્ષ વિનય ચૌહાણ, જોઈન્ટ સેક્રેટરી દશાંક ખરે અને સુપ્રભારી મનીષ પરમાર કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. તેમણે AAP નેતૃત્વ પર ગંભીર આક્ષેપો કર્યા હતા, જેમાં મહિલા સભ્ય પર દુષ્કર્મનો આરોપ દબાવવા અને માંજલપુર પેટાચૂંટણીમાં ઉમેદવાર ન ઉતારવા જેવા મુદ્દાઓ સામેલ છે. ૧૦૦ થી વધુ કાર્યકરોએ રાજીનામા આપ્યા છે.

વડોદરા શહેરમાં આમ આદમી પાર્ટી ને વધુ એક મોટો આંચકો લાગ્યો છે. પાર્ટીના આદર્શો અને નેતૃત્વ સામે ગંભીર આક્ષેપો કરીને માજી સૈનિક અધ્યક્ષ વિનય ચૌહાણ, જોઈન્ટ સેક્રેટરી દશાંક ખરે અને સુપ્રભારી, વોર્ડ નંબર ૧૬ મનીષ પરમાર સત્તાવાર રીતે કોંગ્રેસમાં જોડાઈ ગયા છે.

કોંગ્રેસનો ખેસ ધારણ કર્યા બાદ માજી સૈનિક અધ્યક્ષ વિનય ચૌહાણે 'આપ'ના મોવડીમંડળ પર આકરા પ્રહારો કર્યા હતા. તેણે જણાવ્યું હતું કે, 'વર્ષ ૨૦૨૧માં સ્વચ્છ રાજનીતિની વાતોથી પ્રભાવિત થઈને તેઓ પાર્ટીમાં જોડાયા હતા અને આંદોલનો કરી જેલમાં પણ ગયા હતા. પરંતુ સમય જતાં સમજાણું કે પાર્ટીના આદર્શો બિલકુલ ખોખલા છે. વડોદરા શહેરના નેતૃત્વ પર એક મહિલા સભ્યએ દુષ્કર્મનો ગંભીર આરોપ લગાવ્યો હતો અને અન્ય પાંચ લોકો સાથે પણ આવું થયાનું સામે આવ્યું હતું. છતાં બદનામીના ડરથી પાર્ટીએ આ મામલો દબાવી રાખ્યો હતો. નૈતિકતાના મુદ્દે કાર્યવાહી ન થતાં તેમણે રાજીનામું આપવાનો નિર્ણય કર્યો. માંજલપુર વિધાનસભાની પેટા ચૂંટણીમાં ઉપરથી આદેશ ન હોવાનું બહાનું કાઢીને આપ દ્વારા ઉમેદવાર ઊભો રાખવામાં આવ્યો ન હતો. આ દર્શાવે છે કે પાર્ટી માત્ર ભાજપ સામે મુખ્ય વિપક્ષને કમજોર કરવાનું કામ કરી રહી છે.'

## વડોદરા: સ્માર્ટ સિટીના પ્રોડક્ટિવિટી રોડ પર ગટરના તૂટેલા ઢાંકણા: અકસ્માતનો ખતરો



વડોદરાના પોશ અલકાપુરી વિસ્તારમાં પ્રોડક્ટિવિટી રોડ પર તૂટેલા ગટરના ઢાંકણાં અકસ્માતનું જોખમ ઉભું કરી રહ્યા છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ કરોડોના વિકાસ છતાં જાળવણીનો અભાવ દેખાઈ રહ્યો છે. સ્થાનિકોએ જાતે જ આડાશ મૂકી વાહનચાલકોને સાવચેત કર્યા છે. તંત્ર દ્વારા સમારકામ ન થતાં અને બિનજરૂરી બેરીકેડ હટાવવામાં ન આવતાં લોકો પરેશાન છે. શહેરના પોશ વિસ્તાર ગણાતા અલકાપુરીના પ્રોડક્ટિવિટી રોડ પર તૂટેલા ગટરના ઢાંકણાં અકસ્માતનું જોખમ ઊભું કરી રહ્યા છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ એરિયા બેઝ ડેવલોપમેન્ટ વિસ્તારમાં કરોડો રૂપિયાના વિકાસ કાર્યો કરવામાં આવ્યા હોવા છતાં રસ્તાઓ પર મૂળભૂત સુવિધાઓની જાળવણી સામે પ્રશ્નો ઊભા થયા છે.

પ્રોડક્ટિવિટી રોડ પર એક ગટરનું ઢાંકણું તૂટી જતાં રસ્તા પર જોખમી સ્થિતિ સર્જાઈ છે. અકસ્માત ટાળવા માટે સ્થાનિક રહીશોએ પોતાની રીતે આડાશ ઊભી કરી વાહનચાલકોને સાવચેત રહેવાની વ્યવસ્થા કરી છે. તંત્ર દ્વારા હજુ સુધી સમારકામ કરવામાં આવ્યું નથી.

આ ઉપરાંત નજીકમાં જ અન્ય એક ગટરનું ઢાંકણું અગાઉ તૂટી જતાં તેનું સમારકામ કરવામાં આવ્યું છે.

## વાવ-થરાદ: સોનમ વાંગચૂકના સમર્થનમાં ભાભર હાઇવે પર વિદ્યાર્થિની એક દિવસના ઉપવાસ પર બેઠી





દેશભરમાં ગાજેલા NEET પેપર લીક વિવાદ અને લદ્દાખના સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચૂકના સમર્થનમાં આજે (૨૦મી જુલાઈ) ભાભર હાઇવે પર એક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી વિદ્યાર્થીની એક દિવસીય પ્રતીક ઉપવાસ પર ઉતરી છે.

મળતી માહિતી મુજબ, ભાભર તાલુકાના ચલાદર ગામની રહીશ અને હાલ ભાભરમાં રહીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતી સીતાબહેન રાઠોડ નામના વિદ્યાર્થીનીએ આ અનોખો વિરોધ નોંધાવ્યો છે. દિલ્હીના જંતર-મંતર ખાતે અનશન પર લોકોને સપોર્ટ કરવા અને સરકારી પરીક્ષાઓની સિસ્ટમમાં પારદર્શક બદલાવ લાવવાની માંગ સાથે તેઓ ભાભર હાઇવે પર લોક જાગૃતિ અર્થે ઉપવાસ પર બેઠા છે.

ઉપવાસ પર બેઠેલી વિદ્યાર્થીની પોતાની માંગણીઓ અને જાગૃતિ દર્શાવતા બેનરો સાથે રોડ કિનારે શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શિત કરી રહી છે. પેપર લીક જેવી ઘટનાઓથી લાખો પરીક્ષાર્થીઓના ભવિષ્ય સામે ઊભા થતા પ્રશ્નો અને સિસ્ટમની ખામીઓ સામે અવાજ ઉઠાવવા માટે તેમણે આ કદમ ઉઠાવ્યું છે.

Date- 22/07/2026 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

## કરિયાણાની આડમાં ચાલતી વિદેશી દારૂની હોમ ડિલવરી પકડાઈ

# સુરત જિલ્લાના ઓલપાડ પંથકમાં ગાંધીનગર સ્ટેટ વિજિલન્સની ટીમનો સપાટો; ૧૭.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત

ઓલપાડ- દારૂબંધીના કડક દાવાઓ કરતા ગુજરાતમાં ખાખી અને બૂટલેગરોની મિલીભગતની પોલ વધુ એકવાર ખુલ્લી પડી છે. સુરત જિલ્લાના ઓલપાડ પંથકમાં ગાંધીનગર સ્ટેટ વિજિલન્સની ટીમે સપાટો બોલાવીને વિદેશી દારૂના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. ચોંકાવનારી વાત તો એ છે કે બૂટલેગરો દ્વારા દારૂ વેચવા માટે અત્યાધુનિક પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી હતી અને સ્થાનિક પોલીસ ઘસઘસાટ ઊંઘતી ઝડપાઇ છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, સ્ટેટ વિજિલન્સની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ઓલપાડના છીણી ગામે બૂટલેગરો દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવવામાં આવી રહી છે. બાતમીના આધારે વિજિલન્સની ટીમે છીણી ગામ સ્થિત એક કરિયાણાની દુકાન પાછળ અચાનક દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો જોઈને ખુદ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

આ બૂટલેગરોનું નેટવર્ક એટલું હાઇટેક હતું કે, ગ્રાહકો પાસેથી સોશિયલ મીડિયા એટલે કે વોટ્સએપના માધ્યમથી વિદેશી દારૂના ઓર્ડર લેવામાં આવતા હતા. એટલું જ નહીં, દમણ બેઠેલા મુખ્ય બૂટલેગરો પાસેથી દારૂ લાવી સુરત જિલ્લાના આ વિસ્તારમાં ગ્રાહકોના ઘર સુધી દારૂની હોમ ડિલવરી કરવામાં આવતી હતી. આ નેટવર્ક પાછળ સંડોવાયેલા અમિત પટેલ અને ચંદુ પટેલ નામના બે મુખ્ય બૂટલેગરોને વિજિલન્સની ટીમે સ્થળ પરથી જ ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય સંડોવાયેલા શખ્સોને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરી છે.

સ્ટેટ વિજિલન્સની આ રેડમાં પોલીસે વિદેશી દારૂની કુલ ૧૭૭૬ બાટલીઓ, દેશી દારૂ તેમજ બે કાર સહિત કુલ રૂપિયા ૧૭,૮૦,૦૦૦ નો મસમોટો મુદ્દામાલ જપ્ત કર્યો છે. થોડા દિવસોમાં જ સ્ટેટ વિજિલન્સ દ્વારા ઓલપાડ વિસ્તારમાં બીજી વખત સફળ રેડ કરવામાં આવતા સ્થાનિક ઓલપાડ પોલીસ સ્ટેશનની કામગીરી અને નિષ્ક્રિયતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

## હલધરૂ ગ્રામ પંચાયતમાં ACBનો દરોડો: તલાટી અને કોમ્પ્યુટર ઓપરેટરને રૂ. ૭,૫૦૦ ની લાંચ લેતા રંગેહાથ ઝડપ્યાં

કામરેજ- સુરત જિલ્લાના કામરેજ તાલુકાની હલધરૂ ગ્રામ પંચાયતમાં અઈઇની ટીમે દરોડો પાડ્યો છે. ACB ટીમે તલાટી કમ મંત્રી અને કરાર આધારિત કોમ્પ્યુટર ઓપરેટરને રૂ. ૭,૫૦૦ ની લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં ભરત બચુ વાળા (ઉં.વ. ૩૫), જે તલાટી કમ મંત્રી (વર્ગ-૩) તરીકે ફરજ બજાવે છે, અને નિખિલ સંજય ભાલીયા (ઉં.વ. ૨૨), જે કરાર આધારિત કોમ્પ્યુટર ઓપરેટર છે, તેમનો સમાવેશ થાય છે. બંને હલધરૂ ગ્રામ પંચાયત, કામરેજ, સુરત ખાતે કાર્યરત હતા.



**આરોપીઓમાં ભરત બચુ વાળા (ઉં.વ. ૩૫), જે તલાટી કમ મંત્રી (વર્ગ-૩) તરીકે ફરજ બજાવે છે, અને નિખિલ સંજય ભાલીયા (ઉં.વ. ૨૨), જે કરાર આધારિત કોમ્પ્યુટર ઓપરેટર છે.**

આરોપીઓએ નવા બાંધકામ કરાયેલા રહેણાંક મકાનોની આકારણી કરી આપવાના બદલામાં લાંચની માંગણી કરી હતી. સુરત ગ્રામ્ય ACB ટીમને બાતમી મળી હતી કે, પંચાયતના કર્મચારીઓ રૂ. ૭,૦૦૦ થી રૂ. ૧૪,૦૦૦ સુધીની લાંચ માંગે છે.


આ બાતમીના આધારે, સુરત ગ્રામ્ય ACB પોલીસ ઇન્સ્પેક્ટર એસ.ડી. ધોબી અને તેમની ટીમે ૨૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ હલધરૂ ગ્રામ પંચાયત કચેરી ખાતે ડિકોય છટકું ગોઠવ્યું હતું. ઓપરેશન દરમિયાન, આરોપીઓએ રૂ. ૭,૫૦૦ની લાંચની માંગણી કરી અને સ્વીકારતા જ તેમને ઝડપી લેવામાં આવ્યા હતા. લાંચની આખી રકમ સ્થળ પરથી જ રિકવર કરવામાં આવી છે.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર

ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે. આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

### શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા

## ૭૭૨ મો આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું





**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૧૭/૦૭/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ ૭૭૨ માં આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા મોતિયા ના ઓપરેશનો લેન્સ સાથે નીઃશુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન (નારાયણ સેવા) રૂખીબેન હસમુખભાઈ શુરા તથા પરિવાર, મુ. પો. ઓરણા, કામરેજ તરફ થી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિજિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટી પાર્લર ના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે.

અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે. બધી જ સારવાર એકદમ ફ્રી માં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકો ને લાભ લેવા વિનંતિ.

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

## મોતા કેળવણી મંડળ સંચાલિત શ્રી શાંતારામ ભટ અંગ્રેજી માધ્યમ શાળા, મોતા દ્વારા International chess day નિમિત્તે chess સ્પર્ધાનું ભવ્ય આયોજન





**બારડોલી-** તા. ૨૦/૦૭/૨૬ ના રોજ ઇન્ટરનેશનલ ચેસ ડે નિમિતે શાળામાં chess week નું આયોજન કરવામાં આવ્યું હતું. Chess રમત એ બાળકોના બૌદ્ધિક વિકાસ સાથે જોડાયેલી રમત છે. આ રમતથી બાળકોમાં ધૈર્ય અને શક્તિનો વિકાસ થાય છે. આથી દરેક બાળકને તક મળે એ હેતુથી શાળામાં chess week નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં PT શિક્ષક પરેશભાઈએ સ્પર્ધાના નિયમ સમજાવ્યા હતા. PT શિક્ષિકા અમિતા મીસે સંપૂર્ણ chess સ્પર્ધાનું ખુબ જ સુંદર આયોજન કર્યું હતું. જેમાં મોસમી મિસે એમનો સંપૂર્ણ સહકાર આપ્યો હતો.

આ સ્પર્ધામાં state level અને National level chessસ્પર્ધામાં ભાગ લઇ ચૂકેલી આપણી શાળાના વિદ્યાર્થીઓએ રેફરી તરીકે ફરજ બજાવી હતી. આ સ્પર્ધામાં std. 3 to 9 અને ૧૧ ના તમામ રસ ધરાવતા બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓને અન્ડર-૧૧, અન્ડર -૧૪અને અન્ડર ૧૭ age કેટેગરી પ્રમાણે સ્પર્ધા રમાડવાં આવી હતી. તેમજ વિજેતા થયેલા તમામ બાળકોને certificate આપી સન્માન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેતા તમામ બાળકોને આખા વર્ષ દરમિયાન chess ના શિક્ષિકા અમિતા મીસ દ્વારા પ્રેક્ટીસ કરાવવામાં આવતી હોઈ છે.

આ તમામ બાળકોને તેમજ વાલીમિત્રોને મોતા કેળવણી મંડળના પ્રમુખશ્રી નવીનભાઈ પટેલ તથા આચાર્યા શ્રી દિપીકાબેન પટેલ તેમજ સમસ્ત શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી તેમજ વાલીઓનો વિશેષ આભાર માન્યો હતો.

### ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષકોની સહકારી મંડળીની ૧૦૧ મી વાર્ષિક સાધારણ સભા

## ચેરમેન કિરીટ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ, ડિવિડન્ડ અને નફાની વહેચણીની જાહેરાત

ઓલપાડ- ધી ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષકોની મર્યાદિત જવાબદારીવાળી પરસ્પર સહકારી શાખ મંડળી લિમિટેડની ૧૦૧ મી વાર્ષિક સાધારણ સભા ચેરમેન કિરીટ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં વાઇસ ચેરમેન બળદેવ પટેલ, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર, કારોબારી સભ્યો તેમજ સભાસદ અને નિવૃત્ત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમની શરૂઆતમાં મંડળીના જોઈન્ટ સેક્રેટરી શશીકાંત પટેલે ગત સભાની કાર્યવાહીની નોંધ વાંચી સંભળાવી હતી, જેને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. તેમણે વર્ષ ૨૦૨૫/૨૬નું મૂડી-દેવાનું પત્રક અને ઓડિટ રિપોર્ટ રજૂ કરી કાર્યસૂચિ અનુસાર વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. સભામાં ડિવિડન્ડ પર ૧૦% અને બચત થાપણ પર ૬% મુજબ નફાની વહેંચણી કરવાની જાહેરાત કરાઈ હતી. અધ્યક્ષીય પ્રવચનમાં ચેરમેન કિરીટ પટેલે મંડળીની સ્થાપનાના ઈતિહાસને યાદ કરતા જણાવ્યું હતું કે, સભાસદોના સહકાર અને સંચાલકોની કામગીરીના કારણે સંસ્થા પ્રગતિના પંથે છે.



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)